# અગનધરા

## એપિસોડ-31 : ક્યોટો કરાર

**ડૉ.સુરજ:** પર્યાવરણ શાસ્ત્રી, ગ્લોબલ રીસર્ચ સેન્ટર

**ડૉ.નિરીક્ષા:** પર્યાવરણ ઇતિહાસના નિષ્ણાત, ગ્લોબલ રીસર્ચ સેન્ટર

**જાગૃતિ:** માર્ગદર્શન માટે આવેલા Ph.D.(Environmental Science) ની વિદ્યાર્થીની

**પ્રયત્ન:** માર્ગદર્શન માટે આવેલા Ph.D.(Environmental Science) નો વિદ્યાર્થી

---

**પૃથ્વી:** હું છું પૃથ્વી. હાલમાં હું ખુબ દુ:ખી છું, કારણ કે મારો પરિવાર મારા કહયામાં નથી. હું તેમને બધાને વારંવાર સમજાવું છું કે તમે તમારી જીવનશૈલીમાં થોડો ફેરફાર લાવો તો આખો પરિવાર કોઈ પણ જાતની મુશ્કેલી વિના જીવી શકે. હું જયારે બધાને વ્યક્તિગત રીતે મળું છું ત્યારે તે પોતે અપનાવેલા નાનકડા પ્રયાસની વાત કરે છે અને સાથે સાથે એમ પણ કહે છે કે બીજા કોઈને પડી ના હોય તો અમે એકલા શા માટે અમારી ઈચ્છાઓનું દમન કરીએ? અમે એકલા ગ્રીનહાઉસવાયુઓનું ઉત્સર્જન ઓછું કરીએ અને અમારા બાજુવાળા ગ્રીનહાઉસવાયુઓનું ઉત્સર્જન વધુ કરે તો શું તમારી પાસે એવી વ્યવસ્થા છે કે અમને પૃથ્વીનું તાપમાન અમારા બાજુવાળા કરતા ઓછું લાગે? મારા પરિવારના એક સભ્યએ મને એમ કહ્યું કે તમને પરિવારની ચિંતા હોય તો બધા પાસેથી લખાવી દો કે અમે ગ્રીનહાઉસવાયુઓનું ઉત્સર્જન મર્યાદામાં રહીને કરીશું. તેમના આ સુચન પર મેં એક અઠવાડિયું વિચાર કર્યો કે શું કરવું? પછી મને તે વિચાર યોગ્ય લાગ્યો. આ વિચારને અમલમાં મુકતા પહેલા મને એમ થયું કે આ અગાઉ ક્યોટો કરાર થયેલો છે તો જાણી તો લઉં તે શું છે? તેમાં કઈ શરતો હતી? આ કરાર કરવાની જરૂરીયાત કેમ ઉભી થઇ? વગેરે. આ ક્યોટો કરારની જાણકારી મેળવવા માટે ચાલો આપણે જઈએ ગ્લોબલ રીસર્ચ સેન્ટર પર.

**પ્રયત્ન:** (એકલો એકલો બોલે છે). યુનિવર્સીટીના આ મોટા બોટોનીકલ ગાર્ડનમાં જાગૃતિ નામની વનસ્પતિને શોધવી કયા? અધૂરામાં પૂરું મોબાઈલ ફોન પણ રૂમ પર રહી ગયો છે. ચાલ પ્રયત્ન થોડા આંટા મારી જાગૃતિને શોધવાનો પ્રયત્ન કર......... એ હવે દેખાઈ. આ પાછી લેપટોપમાં માથું નાખીને શું કરે છે? હાય ...જાગૃતિ.

**જાગૃતિ:** હા પ્રયત્ન. ગૂડ મોર્નિંગ.

**પ્રયત્ન:** જાગૃતિ, આમ તું માથું લેપટોપમાં રાખીને મને ગૂડ મોર્નિંગ કહે તો હું તેનો સ્વીકાર ના કરું.

**જાગૃતિ:** લે તારા સામે જોઇને કહું છું ગૂડ મોર્નિંગ. હવે તું તેને સ્વીકારીશ ને?

**પ્રયત્ન:** ચોક્કસ. વેરી ગૂડ મોર્નિંગ, જાગૃતિ. હા, જાગૃતિ હું તને એ પૂછતો હતો કે તું લેપટોપમાં શું જોવામાં મશગુલ હતી? કે ઉપર પણ ન્હોતી જોતી.

**જાગૃતિ:** એ તો ફોટા જોતી હતી.

**પ્રયત્ન:** ક્યાં? ટેલેન્ટ ડે ના?

**જાગૃતિ:** ના ભાઈ ના.

**પ્રયત્ન:** તો શું પ્રવાસના?

**જાગૃતિ:** ના ના પ્રયત્ન. એવા કોઈ ફોટા નથી. આ તો એવા ફોટા છે જેમાં તું નથી.

**પ્રયત્ન:** એવું તો કેવી રીતે શક્ય બને? હું તો જ્યાં જ્યાં ફોટા પડતા હોય ત્યાં અચૂકથી હાજર રહેલો જ છું.

**જાગૃતિ:** પ્રયત્ન, પ્રયત્ન (લાંબુ ખેંચી બોલતા હોય તેમ). હું જે ફોટા જોતી હતી તે અમારા ગામડે રહેલી શાળા કે જેમાં હું ભણતી હતી તેના 'સુવર્ણ જયંતી' કાર્યક્રમના છે. આ કાર્યક્રમ ગઈકાલે જ યોજાયો હતો. એટલે તેના ફોટા જોવાનો સમય હવે જ મળ્યો હતો.

**પ્રયત્ન:** જાગૃતિ, આપણે આજે અહી વહેલા ભેગા થયા છીએ, એટલે કે ગ્લોબલ રીસર્ચ સેન્ટર પર જવાની હજુ ઘણી વાર છે, તો તું તે ફોટા મને પણ બતાવ ને, હું પણ તારું ગામ જોવું, ગામના લોકોને જોવું, તારી શાળાને જોવું.

**જાગૃતિ:** ના ના પ્રયત્ન તારે શું કરવા જોવા છે આ ફોટા? તું કોઈને ઓળખે નહિ પછી એ માટે ખાલી ખોટો સમય બગાડવો. વળી તારી ટીકા કરવાની કુટેવ તો ઉભી ને ઉભી.

**પ્રયત્ન:** ના જાગૃતિ હવે તો તારે એ ફોટા બતાવવા જ પડશે અને મારે તે ફોટા જોવા જ પડશે. કારણ કે મારે તારા મગજમાંથી તે ભૂસી નાખવું છે કે મારો સ્વભાવ ટીકા કરવાવાળો છે.

**જાગૃતિ:** ઠીક છે તું આવું સારું વિચારે છે તો મારે તને સહકાર આપવો જ રહ્યો ને. જો આ ફોટા, તું આ બાજુ આવી જા એટલે બંનેને જોતા ફાવે.

**પ્રયત્ન:** તારી વાત સાચી હો જાગૃતિ. અહીંથી ફોટા બરાબર દેખી શકાય છે. પહેલા ફોટામાં છે ધરતીપુરા આપનું હાર્દિક સ્વાગત કરે છે.  જાગૃતિ તારી શાળાનું નામ પણ ગામના નામ પરથી જ છે, નઈ? જોને આ ફોટામાં લખ્યું છે કે ધરતીપુરા હાઇસ્કુલ, સુવર્ણ જયંતી કાર્યક્રમ. જાગૃતિ આ ફોટામાં ગ્રામ પંચાયત આગળ ઉભા રહીને ફોટા પડાવનારા આ બધા ગામના હોદ્દેદારો છે?

**જાગૃતિ:** હા, પ્રયત્ન. જે વચમાં ઊભા છે તે દાદા અમારા ગામના સરપંચ છે. તેમનું નામ છે પરબતભાઈ. તેની બાજુમાં જે મધ્યમ વયના લાગે છે તે અમારા શાળાના આચાર્ય બેન ગંગાબેન છે. તેની બાજુમાં ઉભેલા આ સાગરસિંહ, ડુંગરજી, જમાનાબા, રેવાકુમારી એ બધા પંચાયતના સભ્યો છે.

**પ્રયત્ન:** આ ફોટામાં તો બધા ગરબા રમતા દેખાય છે. મને લાગે છે કે ગરબાનો કાર્યક્રમ રાખ્યો હશે. વળી ઓ હો જમણવારનો ફોટો સરસ ખેંચાયો લાગે છે. જો ને જાગૃતિ આખું ગામ એકસાથે હળીમળીને ભોજન કરતું કેટલું સરસ લાગે છે!

**જાગૃતિ:** પ્રયત્ન, અમારા ગામની વિશેષતા છે ગામના સામુહિક કે વ્યક્તિગત કાર્યક્રમમાં ગામના બધા લોકો ઉત્સાહથી અને હળીમળીને જોડાતા હોય છે.

**પ્રયત્ન:** જાગૃતિ, આ ફોટામાં જો તો ખરી બધા ગ્રામજનો કેટલા શાંત બેઠેલા જણાય છે. જાણે કોઈ ખુબ અગત્યની વાત સાંભળી ના રહયા હોય!

**જાગૃતિ:** પ્રયત્ન, તું જો આ ફોટામાં અમારા સરપંચ કંઈક સંબોધન કરી રહયા છે. ગ્રામજનો તેમની વાત શાંતિથી સાંભળી રહયા છે. પ્રયત્ન, મને લાગે છે કે તારું ધ્યાન હજુ તે સભામાં લાગેલા બેનર પર નથી ગયું.

**પ્રયત્ન:** હા જાગૃતિ મારું ધ્યાન તો માત્ર ગ્રામજનો પર જ ગયું હતું. પરંતુ હવે બેનર જોવું તો તેમાં લખેલું છે 'સુવર્ણ જયંતી કરાર' ગામ ધરતીપુરા. જાગૃતિ, સુવર્ણ જયંતી કાર્યક્રમ તો સમજાય એવું છે કે તમારી શાળાનો 50મો સ્થાપના દિન હતો એટલે તેની ઉજવણી. પણ આ કરાર શબ્દ અહીં અતડો પડતો હોય તેમ લાગે છે. કદાચ કોઈ પ્રિન્ટીંગ મિસ્ટેક તો નથી ને?

**જાગૃતિ:** ના, પ્રયત્ન. પ્રિન્ટીંગ મિસ્ટેક નથી. તે યોગ્ય રીતે જ લખાયેલું છે.

**પ્રયત્ન:** તો જાગૃતિ તું મને તેની યોગ્યતા સમજાવ. મને તો આ કંઈ સમજાય તેવું નથી.

**જાગૃતિ:** પ્રયત્ન, તને ગામ કેવું હોય તે તો ખબર છે ને?

**પ્રયત્ન:** જાગૃતિ હું ગામડામાંથી જ આવું છું. મને ખબર છે કે ગામમાં બધાનો વ્યવસાય ખેતી અને પશુપાલન હોય છે. એટલે તેમના ઘરે ઢોર-ઢાંખર હોય છે, ગામમાં જ્યાં જગ્યા મળે ત્યાં ઉકરડો બનાવતા હોય છે. ગામના લોકોને ઘરઆંગણે શૌચાલય વ્યવસ્થા ન હોવાથી, તેઓ ગામની કોઈ ખુલ્લી જગ્યાનો શૌચક્રિયા માટે ઉપયોગ કરતા હોય છે. ગામમાં ગટર વ્યવસ્થા ઉભી કરેલી ના હોય તો વાસણ- કપડા ધોવાનું પાણી તથા ક્યારેક બાથરૂમનું પાણી પણ રસ્તા પર વહેતું જોવા મળે છે. જેના કારણે આજુબાજુના લોકોને અરસ-પરસ ઝઘડા પણ થતા હોય છે.

**જાગૃતિ:** વાહ પ્રયત્ન. કહેવું પડે. તને ગામડાની રજે-રજ ખબર છે. બધા જ ગામડામાં આવું હોય તે જરૂરી નથી અને બધી જ બાબતો કોઈ એક ગામડામાં હોય તે પણ જરૂરી નથી. પણ કોઈને

ગામડાનું ચિત્ર પૂછીએ તો તે આપેલો જવાબ મળે તે ચોક્કસ વાત છે. અમારા ગામના સરપંચ પરબતભાઈ બહુ જ સક્રિય છે. તેમનું સપનું છે કે ગામ સ્વચ્છ, સુઘડ, નીરોગી, પર્યાવરણ પ્રેમી બને. બે વર્ષ પહેલા જયારે આ જ શાળાનો સ્થાપના દિવસ હતો ત્યારે હાજર ગ્રામજનોને પોતાના આ સપનાની વાત કરી. સૌ ગ્રામજનોએ તેમની વાતમાં સૂર પુરાવ્યો કે અમારું સપનું પણ એ જ છે. સરપંચશ્રીએ બધાને અનુરોધ કર્યો કે આપણે સૌ આજથી જ આ બાબતે જાગૃત રહીને પોતાના સ્તરના પ્રયત્નો હાથ ધરીએ.

**પ્રયત્ન:** તો તો તમારું ગામ હાલમાં સ્વચ્છ, સુઘડ, નીરોગી અને પર્યાવરણ પ્રેમી બની ગયું હશે ને?

**જાગૃતિ:** તું જેમ આ કામ સરળ સમજ્યોને તેમ અમારા સરપંચ પણ તેને સરળ સમજ્યા હતા. સરપંચશ્રીએ એક વર્ષ અવલોકન કર્યું અને જોયું કે ગ્રામજનોએ માત્ર સપનાને સપનાની રીતે જ જોયું છે તેને સાકાર બનાવવા માટે તેઓ સહેજ પણ પ્રયત્નશીલ બન્યા નથી. જયારે બીજી બાજુ થોડા મહિનાઓ બાદ ગામમાં મલેરિયા અને ડેન્ગ્યુના ઘણા કેસ જોવા મળ્યા. ગ્રામવાસીઓ અતિ અતિ હેરાન થયા અને સરપંચને વિનંતી કરી કે હવે અમે તમે કહેલી સ્વચ્છતાની વાતમાં જોડાવા માંગીએ છીએ.

**પ્રયત્ન:** જાગૃતિ, આ તો ઠોકર વાગી એટલે સભાનતા આવી એમ કહેવાય. પછી તો સરપંચશ્રીએ 'જાગ્યા ત્યારથી સવાર' તેને જ અનુસર્યા હશે ને?

**જાગૃતિ:** પ્રયત્ન, અમારા સરપંચશ્રી બહુ ઠરેલ અને સમજદાર છે. તે 'જાગ્યા ત્યારથી સવાર' ને તો અનુસર્યા પણ સાથે સાથે 'દુધનો દાઝ્યો છાસ ફૂંકીને પીવે' તે ખ્યાલને નજર સમક્ષ રાખ્યો. તેમને લોઢું ગરમ હોય ત્યારે ટીપીએ તો મતલબ રહે તે મુજબ ગ્રામજનોને વળતા જવાબમાં કહ્યું કે ગામને સ્વચ્છ, સુઘડ, નીરોગી અને પર્યાવરણ પ્રેમી બનાવવું હોય તો ગામના દરેક વ્યક્તિના સહકારની આવશ્યકતા જ નહિ પણ અનિવાર્યતા રહેશે અને આવું તો ત્યારે જ શક્ય બને કે જયારે સૌ ગ્રામજનો આ બાબતે એક મત પ્રગટ કરે. કેટલાક ગ્રામજનોએ કહ્યું કે એવું હોય તો અમે લેખિત બાહેંધરી આપીએ. અમારા સરપંચશ્રીએ આ વાતને પકડી લીધી. તેમણે આયોજન કર્યું કે આ વખતે શાળાનો પચાસમો સ્થાપના દિન છે એટલે કે સુવર્ણજયંતી. આ દિવસે સૌ ગ્રામજનો પર્યાવરણ પ્રેમી બનવાની લેખિત બાહેંધરી આપે. જેને સુવર્ણજયંતી કરાર તરીકે જાહેર કરીએ અને વિચાર્યા પ્રમાણે સુવર્ણજયંતી કરાર પર સૌ ગ્રામજનોએ સહી કરી પોતાની સંમતિ જાહેર કરી.

**પ્રયત્ન:** એ કરારમાં શું લખેલું હતું?

**જાગૃતિ:** પ્રયત્ન તું તો હદ કરે છે, મેં તને સુવર્ણજયંતી કરાર અંગેની સમજ ખુબ જ ઊંડાણમાં આપી છે, હવે, તને તે કરારમાં શું લખવામાં આવેલું છે તે જાણવું છે? તે જાણીને તું શું કરીશ?

**પ્રયત્ન:** જાગૃતિ હું પણ મારા ગામને સ્વચ્છ, સુઘડ, નીરોગી, પર્યાવરણ પ્રેમી બનાવવા માંગું છું. હું

તમારા ગામની જેમ મારા ગામમાં પણ આવો કરાર કરાવવાનો પ્રયત્ન કરાવી મારા પ્રયત્ન નામને સાર્થક કરવા માંગું છું.

**જાગૃતિ:** મને આંનંદ થયો. મારું ફોટા બતાવવાનું કામ લેખે તો લાગ્યું. લે પ્રયત્ન તું આ કરાર વાંચી લે અને તું મોટા અવાજે જ વાંચજે જેથી મને પણ સંભળાય.

**પ્રયત્ન:** કરારમાં લખ્યું છે કે હું નીચે સહી કરનાર કુદરતની સાક્ષીએ બાહેંધરી આપું છું કે અમે અમારા ઢોર-ઢાંખરને અમારા નિવાસ સ્થાનથી દૂર રાખીશું. અમે પશુના મળ-મૂત્ર અને કૃષિ કચરાનો નિકાલ ઉકરડા સ્વરૂપે ન કરતા, બાયોગેસ પ્લાન્ટમાં કરીશું. અમે ઘર આંગણે શૌચાલય બનાવીશું અને તેનો ઉપયોગ કરીશું. અમે ગામમાં ગટર વ્યવસ્થા ઉભી કરવા માટે જરૂરી લોકફાળો આપીશું. અમે કચરાને રસ્તા પર છૂટો ન ફેંકતા કચરા પેટીમાં નાંખીશું. અમે ગામની જાહેર મિલ્કતો જેવી કે પંચાયત ઘર, શાળા, કોમ્યુનીટી હોલ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, બસ સ્ટેન્ડ વગેરેની સંભાળ રાખીશું. જો હું આમ કરવામાં ઉણો ઉતરતો કે ઉતરતી જણાઉ તો ગ્રામપંચાયત મારી સમક્ષ જે પગલા ભરશે તે મને બંધનકર્તા રહેશે. જાગૃતિ, આ કરાર વાંચ્યા પછી મને લાગે છે કે તમારા ધરતીપુરામાં સુવર્ણ જયંતીના દિવસથી જ 'સોનાનો સુરજ ઉગવા લાગ્યો' હશે.

**જાગૃતિ:** બસ હવે તો અમે કુદરતને એ જ પ્રાર્થના કરીએ છીએ કે અમારા ગામમાં આ સોનાનો સુરજ આથમે નહિ. પ્રયત્ન, હવે ઘડિયાળ જોઇને કહે કે આપણે ગ્લોબલ રીસર્ચ સેન્ટર જવાનો સમય થયો કે હજુ વાર છે?

**પ્રયત્ન:** જાગૃતિ, મારી પાસે ઘડિયાળ નથી. મોબાઈલ ફોનમાં જોઇને સમય કહું તો ચાલશે?

**જાગૃતિ:** પ્રયત્ન, હું અહીં સમયની ચિંતા કરું છું કે મોડું તો નથી થયું ને? અને તને મજાક સુઝે છે. સારું હવે તને જે રીતે ફાવે તે રીતે સમયની વાત કર.

**પ્રયત્ન:** જાગૃતિ, સમય થઇ ગયો છે, તું તારું લેપટોપ બંધ કરે એટલી વાર, પછી આપણે બાજુની બિલ્ડીંગમાં એટલે ગ્લોબલ રીસર્ચ સેન્ટરમાં પહોંચી જઈએ.

**જાગૃતિ:** પ્રયત્ન, સહેજ 'પગ દબાવ' એટલે આપણે સમયસર પહોંચી જઈએ.

**પ્રયત્ન:** આ 'પગ દબાવ' એટલે?

**જાગૃતિ:** ઓ હો મારી ભૂલ થઇ ગઈ કે મેં તારી સાથે આવી કહેવત વાપરી. 'પગ દબાવ' એટલે 'ઝડપી ચાલવું'. આપણી ગુજરાતી ભાષાનું શું થશે? આને બચાવવા કયો કરાર કરવો પડશે? એ હા પ્રયત્ન, આપણે જતા-જતા વિચારી તો લઈએ કે આજે કયો વિષય મુદ્દો ચર્ચવાના છે?

**પ્રયત્ન:** કોટા કરાર.

**જાગૃતિ:** કોટા કરાર નહિ પ્રયત્ન. ક્યોટો કરાર. કોટા તો રાજસ્થાનમાં આવ્યું. એટલે કોટા નહિ પણ

ક્યોટો.

**પ્રયત્ન:** એ તો બધું એક જ કહેવાય. જો ને મારી બેનનું નામ નીકી છે, તોયે મારા દાદીમા તેને કીકી કહીને જ બોલાવે છે, તેમ છતાં મારી બેન મારા દાદી તેને કીકી કહીને બોલાવે ત્યારે હુંકારો ભરે જ છે. પણ મને આજે મારી બેન ડાહ્યી છે તે તારા જેવી દોઢ ડાહ્યી નથી તે સમજાયું.

**જાગૃતિ:** ડાહ્યી બેનના દોઢ ડાહ્યા ભાઈ ચાલ ચાલ મોડું થાય છે.

**પ્રયત્ન:** મે આઈ કમ ઇન સર?

**જાગૃતિ:** મે આઈ કમ ઇન સર?

**ડૉ.સુરજ:** યસ યસ. બંને જણા આવી જાઓ.

**પ્રયત્ન:** નમસ્તે નિરીક્ષા મેડમ.

**જાગૃતિ:** નમસ્તે નિરીક્ષા મેડમ.

**ડૉ.નિરીક્ષા:** નમસ્તે, નમસ્તે. બોલો આજે ક્યોટો કરાર માટે તૈયાર છો ને?

**પ્રયત્ન:** હા મેડમ. આજનો દિવસ અમારા માટે 'કરાર ડે' જ છે. સોરી મેડમ સોરી. મારે આજે ગાડીને પાટા પર જ રાખવાની છે. મેડમ ક્યોટો કરાર એટલે શું?

**ડૉ.નિરીક્ષા:** ક્યોટો કરાર એક આંતરરાષ્ટ્રીય સંધિ કે સમજુતી છે. જે જાપાનના ક્યોટો શહેરમાં ડિસેમ્બર 1997ના રોજ થઇ હતી. ક્યોટો શહેરના નામ પરથી આ કરારને ક્યોટો કરાર તરીકે ઓળખવામાં આવે છે. આ કરારનો મુખ્ય હેતુ ગ્લોબલ વોર્મિંગ અથવા વૈશ્વિક તાપમાન વધારાની ગતિને ધીમી કરવા માટે ગ્રીન હાઉસ વાયુઓના ઉત્સર્જનને મર્યાદિત કરવાનો હતો. આ કરારનો અમલ 16 ફેબ્રુઆરી 2005ના રોજથી કરવામાં આવ્યો છે.

**જાગૃતિ:** એટલે સર્વ સંમતિ સંધાતા આશરે સાત એક વર્ષ લાગ્યા કહેવાય.

**પ્રયત્ન:** સુરજ સર, આંતરરાષ્ટ્રીય સ્તરે આ કરાર કરવાનો વિચાર ક્યાંથી ઉદભવ્યો? એટલે કે ક્યોટો કરારરૂપી વૃક્ષનું અંકુરણ કયાંથી ફૂટ્યું? તે વિષે થોડું કહો ને !

**ડૉ.સુરજ:** ક્યોટો કરારની કથા લાંબી અને ઈતિહાસ મોટો છે. છતાંય તેને ટૂંકમાં કહેવાનો પ્રયાસ કરું છુ. 1972માં સ્વીડનના પાટનગર સ્ટોકહોમ ખાતે પ્રથમ વિશ્વ શિખર પરિષદ મળી હતી, તેમાં વિવિધ દેશના હાજર રહેલા અગ્રણી નેતાઓએ એવું સુચન કર્યું હતુ કે પૃથ્વી ગ્રહની પરિસ્થિતિનો તથા આરોગ્યનો ક્યાસ કાઢવા માટે દર બે વર્ષે બધા રાષ્ટ્રોએ મળવું જોઈએ. વર્ષ 1982માં નૈરોબી કેન્યા ખાતે મળેલી આવી શિખર પરિષદમાં રશિયા અને પશ્ચિમના દેશો વચ્ચે ખેંચતાણ થતા તે નિષ્ફળ રહી હતી. વિશેષમાં ગયા સોમવારે મે તમને કહ્યું હતુ તેમ વર્લ્ડ મિટીરિયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન કે જેને ટૂંકમાં WMO કહે છે તેની 1987માં મળેલી

દશમી કોન્ફરન્સમાં તાપમાન વધવાના નિયંત્રણ માટે આંતરરાષ્ટ્રીય સહકાર મેળવવો જરૂરી છે એમ નક્કી થયું. આના આધારે યુનોની 43મી સામાન્ય સભામાં ઠરાવ થયો કે WMO અને UNEP ભેગા થઈને એક સમિતિ બનાવે કે જે પૃથ્વીના તાપમાન વધવાની બાબત પર નજર રાખે. UNEPનું પૂરું નામ યુનાઇટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ છે. આ ઠરાવના આધારે જે સંસ્થા બની તે IPCC. જેનું પૂરું નામ ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ ફોર કલાઇમેટ ચેન્જ છે.

**જાગૃતિ:** થોડી આના અનુસંધાનની વાત કે જે ગયા સોમવારે નિરીક્ષા મેડમે કરી હતી તેને ફરી યાદ કરીએ તો IPCCએ 1990માં તેના પ્રથમ અહેવાલમાં ધ્યાન દોર્યું કે ગરમ થતી આબોહવાને ખાળવા તાત્કાલિક પગલાં લેવા જોઈએ. આ અહેવાલના અનુસંધાને યુનોએ 1992માં બ્રાઝીલના રિઓ-દી-જાનેરો શહેરમાં 'પૃથ્વી પરિષદ' બોલાવી હતી, જેમાં આબોહવા બદલાવના વિષય પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. જેના આધારે એક જુદો દસ્તાવેજ તૈયાર થયો હતો, જેને 'યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ફોર કલાઈમેટ ચેન્જ' કહેવામાં આવ્યું જેને અંગ્રેજીમાં ટૂંકમાં UNFCC કહે છે.

**ડૉ.નિરીક્ષા:** જો તમને યાદ રહ્યું હોય તો UNFCCનો મુખ્ય હેતુ વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતાને એક એવા સ્તરે સ્થિર બનાવવી કે જે આબોહવા સાથેની માનવીય પ્રવૃતિઓની ખતરનાક દખલને અટકાવી શકે. મોટા ભાગના દેશોએ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનના નિયંત્રણ સંદર્ભનો વિચાર કરવા માટે દર વર્ષે એક મીટીંગ બોલાવવાનું નક્કી કર્યું હતું. જે કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ તરીકે ઓળખાઈ. આને અંગ્રેજીમાં ટૂંકમાં COP(સી ઓ પી) કહે છે. આ COPમાં હાલ 197 દેશો જોડાયેલા છે. આ COPએ વિચાર્યું કે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન પર સર્વસંમતિથી કાયદેસરનું નિયંત્રણ લાવીને આબોહવા બદલાવના દુઃખમાં રાહત મેળવી શકાશે. આ વિચારનું અમલીકરણ એટલે 'ક્યોટો કરાર'.

**પ્રયત્ન:** સુરજ સર, આ ક્યોટો કોન્ફરન્સમાં કોણ કોણ જોડાયા હતા?

**ડૉ.સુરજ:** ક્યોટો કોન્ફરન્સમાં બધા દેશે મોકલેલા સભ્યો, ખનીજતેલની લોબીવાળા સભ્યો, ખનીજ કોલસાના કોર્પોરેશનવાળા, બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ જેમ કે ગ્રીન પીસ, વર્લ્ડ વાઇલ્ડ ફંડ, પર્યાવરણવાદીઓ, હવામાનશાસ્ત્રીઓ, અમેરિકી કોંગ્રેસના ઘણા પ્રતિનિધિઓ વગેરે જોડાયા હતા.

**પ્રયત્ન**: ક્યોટો કરાર વિષે જાણતા જઈએ તેમ વધુ જાણવાની ઈચ્છા થાય છે. સુરજ સર શું એ માહિતી મળી શકે કે ક્યોટો કોન્ફરન્સમાં મુખ્ય કઈ ચર્ચા થઇ હતી.

**ડૉ.સુરજ:** ક્યોટો કોન્ફરન્સમાં અમેરિકાએ દરખાસ્ત મૂકી કે રાષ્ટ્રોએ પોતાના ગ્રીનહાઉસવાયુના ઉત્સર્જનને વર્ષ 2012 સુધીમાં વર્ષ 1990માં જે માત્રા હતી તે માત્રા પર લાવીને સ્થિર કરી દેવું જોઈએ. જયારે યુરોપિયન યુનિયને સૂચવ્યું કે વર્ષ 2010 સુધીમાં બધા દેશોએ પોતાનું આ ઉત્સર્જન વર્ષ 1990ની માત્રા કરતા 15% જેટલું નીચું લાવી દેવું જોઈએ.

**જાગૃતિ:** મેડમ મેં જેટલી પણ મીટીંગો જોઈ છે તે પછી સમાજની હોય કે આપણે જ્યાં રહેતા હોઈએ તે સોસાયટીની હોય કે સહકારી મંડળીની હોય કે ગ્રામ પંચાયતની હોય કે વિધાનસભાની હોય કે રાજ્યસભાની હોય કે લોક્સભાની હોય, તેમાં હંમેશા નાની મોટી ગરમા ગરમી થતી જ હોય છે. શું ક્યોટો કોન્ફરન્સમાં આવી કોઈ ગરમા ગરમી થઇ હતી?

**ડૉ.નિરીક્ષા:** ઘણી થઇ હતી. તેમાં બે જૂથ પડી ગયા હતા. એક જૂથ હતું વિકસિત દેશનું કે જેને સારો એવો વિકાસ કરી દીધો છે. બીજું જૂથ હતું વિકાસશીલ દેશનું કે જેને ઘણો વિકાસ કરવાનો બાકી છે. ક્યોટો કરારમાં બધાને એક જ લાકડીએ હાંકવાના હતા. એટલે કે દરેક દેશે ગ્રીનહાઉસવાયુના ઉત્સર્જનને નિયંત્રણમાં રાખવાનું હતું. આ સમયે વિકાસશીલ દેશોએ દલીલ કરી કે અમારે તો હજુ ઘણો વિકાસ કરવાનો બાકી છે, આ વિકાસ દરમ્યાન અમારાથી તો કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધવાનું છે, આવી સ્થિતિમાં તેના પર નિયંત્રણ લાવીએ તો અમારો વિકાસ રૂંધાય તેનું શું? વિકાસશીલ દેશોએ બીજી દલીલ કરી કે અત્યારે ગ્રીનહાઉસ વાયુનું વધુ પ્રમાણ કરનારા તો વિકસિત દેશો છે, તેમની ભૂલની સજા અમારે શા માટે ભોગવવી?

**પ્રયત્ન:** સર, મેડમે કહેલી આ ગરમા ગરમી જેવી તેવી ના કહેવાય ! પછી શું થયું?

**ડૉ.સુરજ:** પછી શું થાય? સામેના પક્ષે એટલે વિકસિત દેશોના જુથે પણ ગરમી પકડી. અમેરિકી વહીવટી તંત્રે દલીલ કરી કે આ કરાર પાછળનું વિજ્ઞાન તંદુરસ્ત નથી. તેમણે વધુમાં દલીલ કરી કે આ કરારમાં દર્શાવેલી શરતોને વળગી રહેવાથી અમેરિકન અર્થતંત્રને નુકસાન થાય તેમ છે. જ્યોર્જ બુશે કહ્યું હતું કે દુનિયાના પર્યાવરણની ચિંતામાં અમે અમારી રોજગારીનો ભોગ ના આપી શકીએ. આ અગાઉ ક્લિન્ટને પણ આ કરારને નકાર્યો હતો. બીજી બાજુ આ દેશ દુનિયાના કાર્બન ડાયોકસાઈડના કુલ ઉત્સર્જનના 25% જેટલું ઉત્સર્જન એકલા હાથે કરે છે.

**જાગૃતિ:** તો તો આ ક્યોટો કોન્ફરન્સ નિષ્ફળ જ રહી હશે ને?

**ડૉ.નિરીક્ષા:** દશ દિવસની ચર્ચા વિચારણા અને આપણે ચર્ચી તે ગરમા ગરમી પછી ક્યોટો કોન્ફરન્સમાં હાજર રહેલા સભ્યો સર્વ સંમતિથી એક કરાર પર આવ્યા. ક્યોટો કરારે ઘણા બધા ઔદ્યોગિક દેશોને તેમના ગ્રીનહાઉસ વાયુ ઉત્સર્જનમાં ઘટાડો કરી વર્ષ 2010 સુધીમાં વર્ષ 1990માં જે લેવલ હતું તેના કરતા નીચે લાવવાનું કહી દીધું. અમેરિકા 7% ઘટાડા માટે તૈયાર થયું, યુરોપિયન યુનિયન 8% ઘટાડા માટે તૈયાર થયું અને જાપાન 6% ઘટાડા માટે તૈયાર થયું. અન્ય 21 ઔદ્યોગિક દેશો આવા જ પ્રકારનો ઘટાડો કરવા તૈયાર થયા હતા.

**પ્રયત્ન:** સુરજ સર, આ ગરમા ગરમીમાંથી સર્વ સંમતિ કેવી રીતે સંધાઈ?

**ડૉ.સુરજ:** મધ્યમ માર્ગ અપનાવીને. કરારમાં ઔદ્યોગિક દેશોને 'ઉત્સર્જન ક્વોટા'નો વેપાર કરવાની છૂટ

આપવામાં આવી હતી. ઉત્સર્જન વેપાર એવા દેશ કે જે પોતાનું ઉત્સર્જન ઘટાડાનું લક્ષ્ય પૂરું કરવામાં નિષ્ફળ નીવડ્યા હોય તેમને એવા દેશો કે જેઓએ પોતાના લક્ષ્ય કરતા પણ વધુ માત્રાની નીચે ઉત્સર્જન ઘટાડ્યું હોય છે તેમની પાસેથી ઉત્સર્જન ક્રેડીટ ખરીદવાની છૂટ આપે છે.

**જાગૃતિ:** આવી છૂટ તો અમેરિકા જેવા વિકસિત દેશ માટે લાભદાઈ નીવડી. કારણ કે અમેરિકા ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન વધુ કરે છે પણ તેની પાસે મૂડી ઘણી હોવાથી તે અન્ય દેશ પાસેથી ઉત્સર્જન ક્રેડીટ ખરીદીને કરારની શરતો પાળી શકે છે.

**ડૉ.નિરીક્ષા:** અમેરિકાને કરારની શરતો પાળવામાં આવી અનુકુળતા હોવા છતાં તે કરારથી દૂર રહ્યું હતું. થોડી ઊંડાણમાં સ્પષ્ટતા કરું તો વર્ષ 1990ના ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં અમેરિકાનો ફાળો 25%, જયારે રશિયાનો ફાળો 17% હતો. કરારના નિયમ મુજબ અમેરિકા અને રશિયા એમ બે દેશમાંથી કોઈ એક દેશની મંજુરી અનિવાર્ય હતી. અગાઉ મેં જણાવ્યું તેમ અમેરિકા આ કરારથી દૂર રહ્યું હતું. રશિયા પણ ઘણી જુદી-જુદી દલીલો કરતુ હતું. એક સમય એવો આવ્યો કે બધાને એમ લાગવા માંડ્યું કે આ કરાર શક્ય બનશે નહિ. પરંતુ ઉત્સર્જન વેપારની વાત આવતા અને યુરોપિયન યુનિયનનું દબાણ વધતા રશિયાએ આ કરારમાં જોડાવાની મંજુરી આપી હતી. પરિણામે 16 ફેબ્રુઆરી 2005ના રોજથી આ કરાર અમલી બન્યો.

**પ્રયત્ન:** સુરજ સર, હાલમાં તો ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનનો પ્રશ્ન ઉભો ને ઉભો છે. તો શું ક્યોટો કરારનો નિષ્ઠા પૂર્વક અમલ ન થયો?

**ડૉ.સુરજ:** હાલની સ્થિતિ તો એમ જ કહે છે. કારણ કે દરેક રાષ્ટ્ર વિકાસની પાછળ આંધળી દોટ મૂકી રહ્યું છે. વિકાસ કરી રહેલા દેશોને વિકસિત દેશોની લાઈનમાં પહોચવું છે. જયારે વિકસિત દેશોને પોતાનું સ્તર નીચે ઉતારવા દેવું નથી, તેમની નજર પણ હજુ ઉંચે જ છે. આંધળા વિકાસની આ ઘેલછા ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન વધારે છે. જેથી આજની સ્થિતિ દયાજનક બની છે.

**જાગૃતિ:** મેડમ, આનો કોઈક તો ઉપાય હશે ને?

**ડૉ.નિરીક્ષા:** છે જ ને! પરંતુ તેને અનુસરવું નથી તે મોટો પ્રશ્ન છે. આનો ઉપાય ત્રણ માનવીય પ્રવૃતિઓ છે. પહેલી પ્રવૃત્તિ છે કે અશ્મિગત બળતણોનો ઉપયોગ બંધ કરી પુન:પ્રાપ્ય ઉર્જા સ્રોતોનો ઉપયોગ શરૂ કરવો. બીજી પ્રવૃત્તિ એ છે કે જંગલોનો સફાયો સંપૂર્ણ બંધ કરવો અથવા ઘટાડવો અને ત્રીજી પ્રવૃત્તિ એ છે કે જંગલો કે વૃક્ષો ઉછેરવાની પ્રક્રિયા વધારવી.

**જાગૃતિ:** આજની આ ચર્ચામાં ક્યોટો કરારની ઊંડાણપૂર્વક માહિતી આપવા બદલ અમે સુરજ સર અને નિરીક્ષા મેડમનો ખુબ ખુબ આભાર માનીએ છીએ અને આ ચર્ચાના અંતમાં છુટા પડતા પહેલા સૌને જય વિજ્ઞાન, જય વિજ્ઞાન, જય વિજ્ઞાન.